# મોડાસાની મુસ્લીમ વિદ્યાર્થીનીને અમેરીકાની સંસ્થા સન્માનશે

મોડાસા, તા. ૨૬

કહેવત છે કે 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય... આ જ કહેવતને સાર્થક કરતુ ઉદાહરણ અરવલ્લી જિલ્લાના મોડાસામાં જોવા મળ્યું છે. જે વિદ્યાર્થીનીએ પોતાના પિતાની છત્રછાયા માત્ર પોણા ૨ વર્ષની ઉંમરે ગુમાવ્યા બાદ પણ એસએસસીની બોર્ડની પરીક્ષામાં ૯૯.૯૩ પર્સનટાઈલ મેળવી સમાજ અને સદાનું ગૌરવ વધાર્યું છે. તો અમેરિકા જેવી મહાસત્તાના એક ફેડરેશને આ વિદ્યાર્થીનીને તેની સિદ્ધિ બદલ એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કરી છે.

બચપનમાં જ પિતાની છત્રછાયા ગુમાવનાર મૂળ પાટણ અને મોડાસાની મખદુમ હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સફીના ખાતુને એસએસસીની બોર્ડની પરીક્ષામાં ૯૯.૯૨ પર્સનટાઈલ સાથે એ-૧ ગ્રેડ મેળવતા તેની એફમી નામની અમેરીકન સંસ્થા દ્વારા અપાતા એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. લઘુમતી સમાજની અને જે છોકરીએ બચપનથી જ પિતાના વ્હાલ ન પામનાર એવી સફીનાએ ધોરણ-૧૦માં દરરોજ ૧૪ કલાકની મહેનત કરીને આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. જે સાબિત કરે છે કે અથાગ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.



માર્ચ-૨૦૧૫માં લેવાયેલી એસ.એસ.સી.ની પરીક્ષામાં ગણિતમાં ૯૫, વિજ્ઞાનમાં ૯૭ માર્કસ મેળવનાર વિદ્યાર્થીની સફીના ભણવામાં ખુબજ હોંશિયાર અને સ્વભાવે સરળ છે. તે હાલ ધોરણ-૧૧ સાયન્સના બાયોલોજી વિષય સાથે અભ્યાસ કરે છે તે ભવિષ્યમાં ડૉક્ટર બનવાની ઈચ્છા ધરાવે છે અને ગરીબ દર્દીઓની સેવા કરવાની આશા ધરાવે છે. શાળા પરિવાર પણ સફીનાની આ સિદ્ધિ બદલ ગૌરવ અનુભવે છે.

સફીનાના પિતા સબ્બીરહુસેન રીક્ષાચાલક હતા અને સફીના પોણા ૨ વર્ષની હતી ત્યારે જ તે અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા હતા. ત્યારથી જ તેની માતા અને તેના ભાઈએ જ તેને ભણવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. જેના ફળ સ્વરૂપ સફીનાને અમેરીકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઈન્ડિયન ઓરીજીન દ્વારા આપવામાં આવતા એવોર્ડ માટે નામ નક્કી કર્યુ છે. જેને ૨૬-૨૭ ડિસેમ્બરે ભોપાલ ખાતે યોજાનાર એએફએમઆઈની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ગુજરાતમાંથી એસ.એસ.સી.માં સમગ્ર મુસ્લિમ સમાજમાં બીજા ક્રમે રહેનાર સફીનાને એવોર્ડ એનાયત કરવામાં આવશે.

# બાયડમાં ચૂંટણી માટે સ્થાનિક તંત્ર સજ્જ

## બાયડના ૧૯૩ મતદાન મથકો પર ૨૯મીએ મતદાન થશે : ૨જીએ મતગણતરી થશે

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓ માટે આગામી ૨૯મી નવેમ્બરના રોજ જિલ્લાના કુલ ૧૯૩ મતદાન મથક પર મતદાન યોજાશે.

આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અરવલ્લી જિલ્લા પંચાયત સીટ ૬-ચોઈલા, ૭-ડેમાઈ, ૯-ગાબટ, ૧૧-ઈન્દ્રાણ, ૨૪-રડોદરા અને ૨૯-ઉંટરડા માટે જ્યારે તાલુકા પંચાયતની સીટ ૧-આંબલીયારા, ૨-અમીયાપુર, ૩-આમોદરા, ૪-બોરોલ, ૫-દભો, ૬-ચોઈલા, ૭-ડેમાઈ, ૮-દેરોલી, ૯-ગાબટ, ૧૦-હઠીપુરા, ૧૧-ઈન્દ્રાણી, ૧૨-લાંક, ૧૩-લીંબ, ૧૪-પીપોદરા, ૧૫-પ્રાંતવેલી, ૧૬-રડોદરા, ૧૭-રમાસ, ૧૮-સરસોલી, ૧૯-સાઠંબા, ૨૦-તલોદ, ૨૧-તેનપુર, ૨૨-ટોટુ, ૨૩-ઉંટરડા, ૨૪-વાંટડા બાયડ મતદાન યોજાશે. સવારે ૮ થી સાંજના ૫ કલાક સુધી મતદાન થશે જેની મતગણતરી તા. ૨જી ડિસમ્બર-૨૦૧૫ના રોજ યોજાશે.

આ ચૂંટણી પ્રક્રિયામાં જિલ્લામાં બાયડ જિલ્લા પંચાયત સીટ માટે અને એચ. શાહ હાઈસ્કૂલમાં ડિસ્પેચીંગ અને રીસીવીંગ સેન્ટર ઉપરાંત કાઉન્ટીંગ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. જ્યારે ૨૫ ઝોનલ રૂટ અને પોલીંગ પાર્ટી તથા પોલીસ માટે મતદાન મથકે રવાના થવા એસ.ટી.ની ૨૩ બસો અને ૨ મીની બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા મતદાર સહાયતા કેન્દ્ર અને કંટ્રોલરૂમ પણ બાયડ મામલતદાર કચેરી ખાતે શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી હેલ્પલાઈન નં. ૦૨૭૭૯-૨૨૦૦૦૬ ૨૪x૭ના ધોરણે શરૂ કરવામાં આવી છે. અને જરૂરી તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી છે.



ચાણસ્મા તાલુકાના મણીયારી ગામે બ્રહ્માણીમાતાજીનો અન્નકૂટ ભરાયો હતો. દેવદિવાળીના પ્રવિત્ર દિવસે મહેતા, દેરાશ્ન, ભટ્ટ કુટુંબના લોકોની હાજરીમાં કુળદેવી બ્રહ્માણીમાતાજીને અન્નકૂટ ધરાવાયો હતો. માતાજીને અન્નકૂટનો થાળ ધરાવી, આરતી કરી સૌ હાજર તેના કંદોરીયાઓએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ખુબજ ઉત્સાહ અને આનંદના માહોલ વચ્ચે માતાજીના ગુણલા ગાઈ આ પ્રસંગને હાજર સૌ કોઈએ માણ્યો હતો. રાજકોટ, ભાવનગર, જામનગર, હળવદ, ધ્રાંગધા, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર અને અનેક સ્થળોએથી કૂળદેવીના બાલુડાઓ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

## પોશીનામાં કરિયાણાની દુકાનમાંથી રૂા.૧૩ હજારથી વધુની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા.૨૬

પોશીનાના બજાર વિસ્તારમાં આવેલ અયુબઅબ્દુલ રહેમત મેમણની દુકાનમાંથી રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ દુકાનમાં પ્રવેશ કરી રૂા.૧૭૩૮૦નું કરિયાણુ ચોરી કરીને ભાગી ગયા હતા. જે અંગે અયુબઅબ્દુલ મેમણે સોમવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરે કારતક સૂદ-૪ના રોજ તુલસીવિવાહની ભવ્ય ઉજવણી કરાઈ હતી. બુધવારે સાંજના સમયે કાર્તિકી પૂનમને દેવદિવાળી નિમિત્તે સાંઈબાબા ટ્રસ્ટ દ્વારા અન્કૂટનું આયોજન કરાયું હતું. અન્નકૂટમાં સાંઈબાબાના ચરણોમાં ૭૨ જાતની મીઠાઈ, ફરસાણ, ફળફળાદી સહિતની વાનગીઓ ધરાવાઈ હતી. સાંઈબાબા મંદિરે યોજાયેલા અન્નકૂટના દર્શનાર્થે મોડાસા શહેર અને આજુબાજુના ગામડાના પ્રજાજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ૭૨ વાનગીઓના અન્નકૂટની સજાવટ ટ્રસ્ટ દ્વારા ભવ્ય રીતે કરાતા દર્શનાર્થીઓએ ધન્યતા અનુભવી હતી.

# શામળાજી-હિંમતનગર માર્ગ પર બે અકસ્માતમાં પાંચના મોત

## માથાસુલિયા નજીક જીપનું ટાયર ફાટતા ૩ના મોત : ૭ ઘાયલ : સરવણા નજીક બાઈક રેલીંગ જોડે અથડાતા બે ના મોત

મોડાસા, તા. ૨૬

સાબરકાંઠાના હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર સવારનું મોત નિપજ્યું હતું. દેવદિવાળીના દિવસે અકસ્માતમાં ૫ લોકોએ જીવ ગુમાવતા ગમગીની છવાઈ હતી.



દેવદિવાળી રક્તરંજીત બની હતી. હિંમતનગર-શામળાજી ધોરીમાર્ગ પર માથાસુલિયા ગામ નજીક હિંમતનગર તરફ જતી ક્રુઝર જીપનું ટાયર ફાટતા રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જીપમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના મોત નિપજ્યા હતા. અન્ય સાત મુસાફરો ઈજાગ્રસ્ત થતાં દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યારે બીજા બનાવમાં સરવણા નજીક બાઈક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક રેલીંગ સાથે અથડાતા બાઈકચાલક સહિત અન્ય બાઈક

હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર દેવદિવાળીના બપોરે શામળાજી તરફથી દર્શન કરી પરત ફરી રહેલા મુસાફરોથી ભરેલી ક્રુઝર જીપ (ગાડી નં. જીજે૯એવી૩૬૫) હિંમતનગર પરત ફરી રહ્યા હતા ત્યારે માથાસુલીયા ગામ નજીક જીપગાડીનું ટાયર અચાનક ફાટતા જીપગાડી પલટી ખાઈ રોડની સાઈડમાં ખાબકી અને જીપગાડીમાં મુસાફરી કરી રેહલા અજય કેવલનાથ રાવલ (જોગી રહે દેવલ તા. ડુંગરપુર), રણછોડભાઈ થવરાજી ખરાડી (રહે. ઓડા, ડુંગરપુર) સહિત અન્ય એક મુસાફરનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી ગાંભોઈ પોલીસે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા સરવણા ગામ નજીક બાઈક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક રેલીંગ સાથે અથડાતા બાઈકચાલક અને બાઈક પર બેઠેલા અન્ય એક યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અમદાવાદના રહીશ ઉદેપુર તરફ કામકાજ અર્થે જઈ પરત ફરી રહ્યા હતા ત્યારે સરવણા નજીક સંતોષભાઈ લક્ષ્મણભાઈ સપાલ (રહે. હરિપુરા, અમદાવાદ) પોતાની બાઈક ટીવીએસ અપાચે બાઈક (ગાડી નં. જીજે૨૭એ એલ૮૭૦૮)ને પૂરઝડપે હંકારી રહ્યા હતા. ત્યારે અચાનક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા હાઈ-વે પર રહેલી રેલીંગ સાથે બાઈક ધડાકાભેર અથડાતા બાઈક પાછળ બેઠેલ ઘનશ્યામભાઈ રમેશભાઈ ભીલ (રહે. હરિપુરા, અમદાવાદ) બન્ને બાઈક પરથી હવામાં ફંગોળાઈ રોડ પર પટકાતા બન્ને યુવાનોના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ગાંભોઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે.

## જોટાસણ કંપા પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા.૨૬

લાંબડીયાના કોટડા રોડ પર આવેલ જોટાસણ કંપા પાસેથી ગત મંગળવારે પસાર થઈ રહેલા એક અજાણ્યા વાહને ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી અહીંથી પસાર થતા અજાણ્યા શખ્સને ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન બુધવારે મોત નિપજયુ હતું. જે અંગે કોટડા છાવણીના સાજીદઅલી ઉંમરઅલી સિયાઈએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## માથાસુલીયા પાસે થયેલા અકસ્માતમાં વધુ એકનું મોત

હિંમતનગર, તા.૨૬

હિંમતનગર-શામળાજી રોડ પર આવેલ માથાસુલીયા પાસેથી બુધવારે પસાર થઈ રહેલ ક્રૂઝર જીપનું ટાયર ફાટતા તે રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે ત્રણ જણાના ગંભીર ઈજાને કારણે મોત નિપજયા હતા. જયારે ક્રૂઝર જીપમાં મુસાફરી કરી રહેલ સુનીલ પ્રકાશભાઈ કલાસવા (૭ માસ) ને ગંભીર ઈજા થતા તેને સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાયો હતો. જયાં તેનું ગુરૂવારે સારવાર દરમિયાન મોત નિપજયુ હતું.

# ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં એક મકાનમાં આગ લાગતા ઘર-વખરી બળીને ખાખ

## અંદાજીત રૂા.૫૦,૦૦૦/-થી વધુનું નુકસાન



ભિલોડા,તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં એક મકાનમાં ગત રાત્રે આગ લાગતા ઘર-વખરી બળીને ખાખ અંદાજીત રૂા.૫૦,૦૦૦/-થી વધુનું નુકસાન ખેડુતને સહન કરવાનો વારો આવ્યો છે.નારણપુર ગ્રૃપ ગ્રામ પંચાયત કારોબારી સભ્ય,સામાજીક કાર્યકર કરણભાઈ મારીવાળના જણાવ્યા મુજબ નારણપુર ગામના સીમવિસ્તારમાં મગનભાઈ શાંમળભાઈ મારીવાળના મકાનમાં ગત રાત્રે ૯:૩૦ વાગ્યાના સુમારે એકા-એક આગ લાગી હતી ત્યારે ઘર-વખરી,સોના-ચાંદીના દાગીના,કપાસ,ઘઉં,મકાઈ સહિત વિવિધ ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ જતાં ખેડુતપુત્રને આજે તો ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવન ગુજારવાનો આવ્યો છે.

# પ્રેમપુરમાં ભાજપના પ્રચાર અર્થે આવેલા અગ્રણીઓને ગ્રામજનોએ ભગાડી મૂકયા

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જિલ્લામાં પાટીદાર અનામત આંદોલનને લઈને છેલ્લા કેટલાક સમયથી ભાજપ માટે કપરા ચઢાણ શરૂ થઈ રહ્યા છે ત્યારે અગ્રણીઓ મતદારોનો સંપર્ક કરવા માટે જતા પણ ખચકાટ અનુભવે છે. દરમિયાન બુધવારે રાત્રે હિંમતનગર તાલુકાના પ્રેમપુર ગામે થયેલા પ્રદેશ ભાજપ તથા અન્ય અગ્રણીઓને પાટીદારોએ ભગાડી મુકતા તેઓ સ્તબ્ધ બની ગયા હતા.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પ્રદેશ ભાજપના અગ્રણી નરહરિઅમીન, ઘનશ્યામભાઈ અમીન, ડાૅ.ભીખાભાઈ પટેલ, સ્થાનિક અગ્રણી ભગાભાઈ પટેલ સહિત અન્ય લોકો બુધવારે રાત્રે હિંમતનગરના તાલુકાના પ્રેમપુર ગામે ચૂંટણી પ્રવાસ અંતર્ગત ગયા હતા. પરંતુ પાટીદારોએ વાહનો રોકીને ભાજપની હાય હાય બોલાવી હતી. તેમજ જય ભવાની, ભાજપ જવાની ના સૂત્રોચ્ચાર કરતા અગ્રણીઓ તરત જ પ્રેમપુર ગામેથી રવાના થઈ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લામાં પાટીદાર વસ્તીનું વર્ચસ્વ ધરાવતા અંદાજે ૧૦૦થી વધુ ગામોમાં આજે પણ પાટીદાર અનામત આંદોલનને લઈને જે રોષ વ્યાપ્યો હતો તેમાં કોઈ ઘટાડો થયો ન હોવાનું પાટીદાર યુવાનોનું કહેવુ છે. તેના કારણે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામમાં પાટીદાર અનામત આંદોલનની અસરો ચૂંટણીના પરિણામ બાદ જોવા મળે તો નવાઈ નહિ.

સામે પક્ષે કોંગ્રેસ તરફથી ચૂંટણી લડતા ઉમેદવારો અને કાર્યકરોને પ્રદેશ કક્ષાએથી યોગ્ય સહયોગ ન મળતો હોવાનો આક્ષેપ કરીને કેટલાક કોંગ્રેસી અગ્રણીઓએ જણાવ્યુ હતું કે જિલ્લા કક્ષાએ સંગઠનમાં પદાધિકારીઓની ભાગલાવાદી નીતિને કારણે મતદારોમાં કોંગ્રેસની લોકપ્રિયતા વધી હોવા છતાં તેનો લાભ લેવામાં કોંગ્રેસ ઉણી ઉતરે તો નવાઈ નહિ. એટલુ જ નહિ પણ આ વખતની ચૂંટણીમાં અનેક ઠેકાણે અપક્ષો પણ હાર-જીતની બાઝીમાં મહત્વની ભૂમિકા ભજવે તેવું હાલના તબક્કે જણાઈ રહ્યુ છે. જોકે આખરે તો મતદારો જ હુકમનું પત્તુ હોવા છતાં તેઓ અત્યારે તો તેમનું મન કળવા દેતા નથી, છતાં ભાજપ અને કોંગ્રેસ વિજયના દાવા કરી રણમાં વાહન હંકારી રહ્યા છે.

## જિલ્લા ભાજપના બે કોર્પોરેટર સસ્પેન્ડ

હિંમતનગર પાલિકામાં ગત ટર્મમાં ભાજપના કોર્પોરેટર અને ગટર સમિતિના ચેરમેન મૌલેશભાઈ સોનીને ફરીથી ટિકીટ ન મળતા તેમણે વોર્ડ નં.૧માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. તેથી શહેર ભાજપના પ્રમુખ બિપીનભાઈ ઓઝાએ તેમને તથા પૂર્વ કોર્પોરેટર અને હિંમતનગર નાગરિક સહકારી બેંકના ચેરમેન દિનેશભાઈ મહેતાને પણ પક્ષ વિરોધી પ્રવૃતિ કરી મૌલેશભાઈ સોનીના પ્રચારમાં જોડાતા બંનેને ભાજપના પ્રાથમિક સભ્યપદેથી ગુરૂવારે દૂર કરવાનો નિર્ણય લેવાયો હતો.

# પાલનપુરમાં દેનાબેંકની નવીન શાખાનો પ્રારંભ

પાલનપુર, તા. ૨૬

બેંકીંગ ક્ષેત્રે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી દેનાબેંક દ્વારા ગ્રાહકોની સુવિધા અને સરળતા માટે પાલનપુર શહેરની મધ્યમાં આજે દેનાબેંકની અદ્યતન સુવિધાઓથી સજ્જ નવીન શાખાનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો.

પાલનપુર તેમજ આજુબાજુના ગામોની જનતા માટે નાણાંકીય વ્યવહાર સરળ બને અને લોકોને બેંકીંગ સેવા ઝડપી મળી રહે તે માટે દેનાબેંક દ્વારા પાલનપુરના કીર્તિસ્તંભ રોડ ઉપર આવેલ વાસુદેવ મોલમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ દેનાબેંકની નવીન શાખા કાર્યરત કરવામાં આવી છે. દેનાબેંકની આ નવીન શાખાને આજે વિધિવત ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

દેનાબેંકના અધ્યક્ષ પ્રબંધક નિર્દેશક અશ્વિનીકુમારના વરદ્‌હસ્તે આજે દેનાબેંકની નવીન શાખાને રીબીન કાપીને ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે આઈ.એ.એસ. જિલ્લા વિકાસ અધિકારી ડૉ. ગૌરવ દહીંયા અને દેનાબેંકના મહાપ્રબંધક વિક્રમાદીત્યસિંહ ખીંચી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમને દેનાબેંકની સુવિધાઓ અને કામગીરી અંગે માહિતી મેળવી હતી. સાથે દેનાબેંકના સ્ટાફ અને બેંક ખાતેદારો સાથે વાર્તાલાપ કરી દેનાબેંકની સેવાથી લોકો ખુશ હોઈ તેમને ખુશી વ્યક્ત કરી હતી.

આમ વિશ્વસ્ત પારિવારીક બેંક સમી અગ્રણી દેનાબેંકની નવીન શાખાનો પાલનપુરની બજારમાં શુભારંભ થતા હવે લોકોને નાણાંકીય વ્યવહાર માટે સરળતા રહેશે.



## લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો

લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈન તથા ઝાંઝરી માતાજી મંદિર રૂપાલ દ્વારા ફ્રી મેડીકલ ચેક અપ અને મેઘા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં આંખ, દાંત, બ્લડ પ્રેશર તથા મહારોગ ડાયાબીટીશના ૮૦૦થી વધારે દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પમાં રોડક્રોસ સોસાયટીના સહયોગથી ૫૧ બોટલ યુનિટ એકત્રીત કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભાગ લઈ રકતદાતાઓ માનવ સેવાના યજ્ઞમાં સહભાગી બન્યા હતા.

આ કાર્યક્રમમાં બ્રિજેશ પટેલ, મોહનભાઈ નાયી, નીતીનભાઈ, ડૉ.ધીરુભાઈ, ડી.એલ. પટેલ, રમેશભાઈ, કે.પી. પંડયા, મંદિરના ટ્રસ્ટી નવીનચંદ્ર શાહ, જશવંતભાઈ, અતુલભાઈ, રાજુભાઈ વગેરે હાજર રહ્યા હતાં.